

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
**સુરેશ પ્રા. ભટ્ટ**
99789-26251

*વચનો નાં વશીકરણથી નજર બાંધી નાખો!*
*ફેરવી જાદુઈ-લાકડી, પરિણામ રાંધી નાખો!*
*આંજી નાખો ભોળા-નિર્દોષ ને - મૂર્ખ મતદારોને -*
*લોકશાહીને શીરો પૂરી, દૈ ધો બૂચ, ગાંધી રાખો...*

**હાઈકુ**

*ખૂલ્લી મૂકી દો*
*વચનોની વખાર -*
*ચૂંટણી આવી !*
*(જગડુશા દાતાર)*

*વગર વ્યાજે*
*પરત લીધા વિના*
*આપશું લોન...*
*(માલ્યા બેંક ખોલશું)*

### ચિંતન

*દયાભાવ હિરદે નહીં, જ્ઞાન કથે બેહદ,*
*તે નર નરકે જાયગા, સુનિ સાખી શબ્દ*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

જેના હૃદયમાં બિલકુલ દયા નથી પણ મોઢેથી વાતો મોટી મોટી જ્ઞાનની, દયાની અને ધર્મની કરે છે. આચરણમાં કશું ન કરતાં આવા માનવીઓ વાસ્તવમાં દંભી અને દયાહીન છે.

પોતાનો સ્વાર્થ સાધવાને કંઈ પણ કાર્ય કરતાં અચકાતાં નથી. ધર્મ અને ઈશ્વરના અસ્તિત્વનું તેને મન કોઈ મૂલ્ય નથી, છતાં પણ લોકોમાં ફક્ત દેખાડો કરવા ધર્મશાસ્ત્રો અને ભગવદ્ કથાઓ સાંભળે છે. જ્ઞાની અને શ્રદ્ધાવાન હોવાનો ડોળ કરે છે. ધર્મશાસ્ત્રો અને સંતોનો ઉપદેશની તેને કંઈ જ અસર થતી નથી. કબીર કહે છે આવા માનવીનું નરકમાં સ્થાન નિશ્ચિત છે.

સ્વાર્થી - લુચ્ચા - દંભી માણસોમાં કોઈ પણ રીતનો દયાભાવનો ‘છાંટો’ હોતો નથી માત્ર પોતાનો સ્વાર્થ જ દેખાય છે.

### સુવિચાર

- સુવિચાર : મોઢું જેટલી વાત કરે છે એટલી જ વાત આંખો કહી દે છે - **ઈલીયાસ શેખ**
- સફેદ ચોખ્ખા મોજાની અંદર ગંદા હાથ છુપાયેલા હોય છે અને કેટલાક દાન કરનારાના લોહીના કણકણમાં ધૂર્તતા છૂપાયેલી હોય છે - **અંગ્રેજી કહેવત**
- તું પોતે જ ઈશ્વરનો અંશ છે !! તું તારું પોટેન્શીયલ (શક્યતા) વિકસાવ તું પોતે જ તારી મેળે દિવ્ય થઈ જઈશ - **સ્પિનોસાહબિ**
- પ્રકૃતિ એટલે ‘પોતાના’ સ્વભાવની અજાગૃતિ ને ભ્રાંતિ - **જનકલ્યાણ**
- સત્તાનો સદ્ઉપયોગ એનું નામ કરુણા અને સત્તાનો દુરુપયોગ એટલે રાક્ષસી વૃત્તિ કહેવાય - **એસ. ભટ્ટાચાર્ય**
- જે જ્ઞાન ‘ઈમોશનલ’ કરાવે એ સંસારી જાગૃતિ છે, સાચી જાગૃતિ ‘ઈમોશનલ’ના કરાવે - **આપ્ત સૂત્ર**
- આજનું ઔષધ : એલચીના ફોતરા બાળી તેની ભસ્મ મધ સાથે ચાટવાથી ઊબકા ઊલ્ટીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સંત મકારિયો પાસે એક યુવક આવ્યો અને કહ્યું, ‘મારે મુક્તિ જોઈએ છે જે માટે શું કરવું? બતાવો.’ સંતે કહ્યું, ‘હું તને ઉપાય બતાવું. તે પહેલા તું એક કામ કર, કબ્રસ્તાનમાં જા અને કબરમાં જે લોકો પોઢી ગયા છે એમને તારાથી અપાય એટલી ગાળો આપી આવ.’

યુવકે સંતની સૂચના મુજબ કબ્રસ્તાનમાં જઈ અડધો કલાક કબરોને ગાળો આપી પાછો આવ્યો અને સંતને કહ્યું, ‘હું આપે કહ્યા મુજબ કબ્રસ્તાનમાં પોઢેલા ને ગાળો આપી આવ્યો છું, હવે મને મુક્તિનો માર્ગ બતાવો!’ સંતે કહ્યું, ‘ફરી વાર કબ્રસ્તાનમાં જાઓ અને તમામ કબરમાં પોઢેલાની ભારે પ્રશંસા કર, પછી હું તને મુક્તિનો માર્ગ બતાવીશ.’ યુવાન ફરી કબ્રસ્તાનમાં જઈ રાબોની પ્રશંસા કરી, પાછો સંત પાસે આવ્યો.

સંતે યુવાનને પૂછ્યું, ‘તે શબોને ગાળો આપી ત્યારે તેમણે તને કશું કહ્યું?’ યુવક કહે, ‘ના.’ સંતે પૂછ્યું, ‘જયારે તેં તેમની પ્રશંસા કરી ત્યારે તેમણે કંઈ કહ્યું ??’ યુવકે કહ્યું, ‘ના, ત્યારે પણ કબરમાં પોઢેલા શાંત જ રહ્યા.’

સંતે કહ્યું, ‘બસ, તો તું એ જ મુક્તિ નો સાચો ઉપાય જાણ...! આપણે નિંદા કે પ્રશંસાથી દૂર રહી સદા માટે શાંત રહેવું, પ્રશંસા હોય કે નિંદા બંને પરિસ્થિતિમાં શાંત રહેવું તો માણસ સરળતાથી મુક્તિ પ્રાપ્ત કરે છે.’

# સરદાર-ગાંધીના નામે રાજકીય સોગઠાબાજી

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીજયંતીના દિવસે ગાંધીની જન્મભૂમિ પોરબંદરથી ભારતીય જનતા પાર્ટી અમિત શાહના નેતૃત્વમાં ગૌરવયાત્રા કાઢી શકતી હોય ત્યારે એને ‘વદતો વ્યાઘાત’ થી વધુ સારી ઉપમા કહઈ આપી શકાય? કયાંય દૂર સુધી ગાંધી સાથે કોઈ જ મેળ નહીં, વિચાર કે આચારમાં કયાંક કશો જ સાંધો ન મળતો લાગે છતાં ગાંધી હજી ચલણમાં ચાલુ છે અને જયા સુધી પ્રજાને એમની આઝાદીની ચળવળ વિશે થોડી ઘણી પણ માહિતી છે ત્યાં સુધી રાજકીય પક્ષો એ મૂઠી હાડકાંના ‘અર્ધનગ્ન ફકીર’ નો કસ કાઢવાનું ન જ ચૂકે. બલકે ચૂકે તો એ રાજકારણી શાના? અમિત શાહ અને ગાંધી વચ્ચે સામ્ય હોય તો એટલું જ કે બેઉના માથે ટાલ છે, વળી બેઉ વૈષ્ણવ વણિક છે. વધારામાં અમિત શાહે પણ ગાંધીજીની જેમ રાજકીય કારકિર્દીની શરુઆત ગાંધીજીની જેમ અમદાવાદથી કરી હતી. અંગ્રેજ સરકારે ગાંધીને વારંવાર જેલમાં પૂરેલા એમ અમિત શાહને પણ થોડો ઘણો જેલનો અનુભવ છે. પરંતુ ગાંધી પોતે જ દેશના સર્વકાલીન રોલ મોડેલ હતા જયારે અમિત શાહ સહિત વર્તમાન શાસક પક્ષ અને ઘણા બધા પ્રશંસકો માટે નરેન્દ્ર મોદી રોલ મોડેલ છે. મોદીનું ગુજરાત મોડેલ દિલ્હીના મયૂરાસનને હસ્તગત કરી શક્યું છે પણ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં એ કેટલું કારગત નીવડશે એ વિશે કોઈ છાતી ઠોકીને કશું કહેવાની સ્થિતિમાં નથી. રાહુલ ગાંધીને એમના પરિવારનું બૅક ગ્રાઉન્ડ નડી રહ્યું છે. અમિત શાહ સહિત ઘણા બધા ગુજરાતી નેતાઓ સરદાર પટેલના ગામ કરમસદ જઈને રાહુલના પૂર્વજ પંડિત નહેરુએ પટેલને કરેલ અન્યાયની દુહાઈ દઈ આવ્યા છે. ખરું જોતાં સરદાર ને જો અન્યાય કર્યો જ હોય તો તે મહાત્મા ગાંધીએ કર્યો ગણાય. નહેરુને એમણે જ આગળ ધર્યા હતા અને સરદારને કોંગ્રેસની કાર્યવારિણીનો ભારે ટેકો હોવા છતાં ગાંધીએ જ નેતૃત્વમાં બીજા નંબરે રહેવા આદેશ કર્યો હતો. ભાજપના નેતાઓ ભૂલથી પણ દોષનો ટોપલો ગાંધીજીના શિરે મઢવાનું નહીં વિચારે કારણ કે એમ કરવા જતાં ગાંધી વિરોધી હોવાનું લેબલ લાગે એમ છે. અમસ્તો પણ ગાંધી હત્યામાં આડકતરો હાથ હોવાનો આક્ષેપ તો સંઘ પર થતો જ રહ્યો છે અને એ મુદ્દે મુદ્દે ખુદ સરકાર પટેલે જ સંઘ પર પ્રતિબંધ લગાવ્યો હતો એ ઈતિહાસ જાણીતો છે. ગૌરવયાત્રા અને જનસંવાદ યાત્રા જેવા રૂપકડા નામે પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષો પોતપોતાની ખીચડી પકવવા નીકળ્યા છે ત્યારે ગુજરાતની પ્રજા હવે એટલી ભોળી તો નથી જ રહી કે એમના ઈરાદા એને ન સમજાય. રાહુલ ગાંધીએ દ્વારિકાધીશથી લઈ ભાથી ખત્રી સુધીના દેવતાઓ અને લોકદેવતાનો આશરો લીધો છે. ભાજપના પ્રસ્થાપિત હિંદુ કાર્ડ સામે પોતે પણ શ્રદ્ધાળુ હિંદુ હોવાની પ્રતીતિ કરાવવા તેઓ અત્યાર લગી કોઈ રાષ્ટ્રીય નેતાએ નહીં કરી હોય એવી હિંમત કરીને ચોટીલા ડુંગર પર બિરાજતાં ચામુંડાનાં પગપાળ દર્શન કરી આવ્યા. વડાપ્રધાન મોદી જેવા વાક્છટા નહીં હોવાથી એમણે ‘રોડ શૉ’ વાળો વિકલ્પ પસંદ કર્યો છે. ત્રીજા ‘જન વિકલ્પ’ના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સૌથી વધારે શોભે એવા શંકરસિંહ વાઘેલાનું હુલામણું નામ ‘બાપુ’ છે. એમણે ગાંધી જયંતની સવારે દાંડી પહોંચી જઈ દેશના બાપુની સાક્ષીને ‘જન વિકલ્પ’ના વોલંટિયર્સને જનકલ્યાણ માટે સમર્પિત થવાની અને ભાજપ-કોંગ્રેસ બેઉના ‘કુશાસન’થી ત્રસ્ત ગુજરાતને વૈકલ્પિક ‘સુશાસન’ની પ્રતિજ્ઞા લેવડાવી છે. તેઓ લોકો મારફત લોકોના જ ઉમેદવારોને મેદાનમાં ઉતારી જેનો હાઈકમાન્ડ લોકો જ હોય એવી સરકાર આપવા માગે છે.

# આમ લાગે ના આગ અંદરથી, કોઈ તો છે સજાગ અંદરથી



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
**ડૉ. સંતોષ દેવકર**

‘મને જ ઈનામ મળશે.’ એકે કહયું હતુ.

‘ના....ના... મેનેજર તો હું જ બનીશ.’ બીજાએ વિશ્વાસપૂર્વક કહયું હતું.

‘હોય કાંઈ ? મારા સિવાય કોઈ બની જ ન શકે !’ ત્રીજાનો આત્મવિશ્વાસ ભરપૂર હતો. કંપનીના માલીકે નકકી કરેલું. આ કંપનીનો મેનેજર પ્રામાણિક જ હોવો જોઈએ. નિષ્ઠાવાન અને મહેનતુ કર્મચારી મેનેજર બને તેવું તેઓ ઈચ્છતા હતા. તેમણે એક યુકિત કરેલી. તે દિવસે કંપનીના માલિકે કંપનીના હોલમાં સૌને એકઠાં કર્યા હતા. અને કેટલીક સૂચનાઓ આપી હતી. હું તમને કેટલાક બીજ અને ખાતર આપીશ. સાથે કુડું પણ આપીશ. આ ત્રણેયનો ઉપયોગ કરીને તેમણે ઉમેર્યુ હતું કે,- ‘‘જેનો છોડ વિકસિત અને સુંદર હશે તે કંપનીનો કર્તા-હર્તા બનશે. ત્રણ મહિના બાદ આપણે ફરી મળીશું.’’

બસ પછી તો પૂછવું તું જ શું ? સૌ કામે લાગી ગયા. જયારે પણ મળતા ત્યારે છોડનાં વિકાસની વાતો થતી. સૌ એક બીજાથી પોતાનો છોડ ચડિયાતો સાબિત કરવા મથતા હતા.

ત્રણ માસ પછીનો એ દિવસ આવી ગયો. સૌ કૂંડાં લઈ એ જ હોલમાં હાજર થયા.

સૌના આશ્ચર્ય વચ્ચે એક કૂંડું બિલકુલ ખાલી હતું. બીજનું અંકુર પણ ફૂટયું નહોતું. એ કર્મચારી નિરાશ દેખાતો હતો. અન્ય સૌ કર્મચારીઓ એના તરફ જોઈને હસી રહયાં હતા.

કંપનીના માલિકે સૌ કર્મચારીઓના વખાણ કર્યા. કામની કદર કરી. સૌના વિકસિત અને અતિવિકસિત છોડની પ્રશંસા કરી. પરંતુ ઈનામ કે મેનેજર બનાવવાની વાત સિફતપૂર્વક ટાળી દીધી. સસ્પેન્સ વધી રહયું હતું. માલિક હોલમાં ચાલતા-ચાલતાં એ કર્મચારી પાસે પહોંચ્યાં. જેના કૂંડામાં કાંઈ જ ઊગ્યું નહોતું. કર્મચારી ગભરાયેલો હતો. માલિકે તે કર્મચારીના ખભા પર હાથ મૂકી ને કહયું, ‘‘તમે આજથી આ કંપનીના કર્તા-હર્તા છો.’’ બધા ખેદ સાથે આશ્ચર્ય પામ્યા. સાંભળતા સૌના હોશ-કોશ ઊડી ગયા.

માલિકે સસ્પેન્સ ખોલતાં ખૂલાસો કર્યો કે, ‘મેં તમને જે બીજ આપેલા તે કોઈ કાળે અંકુરિત થવાના જ નહોતા. કારણ કે એ બીજ પાણીમાં ઉકાળેલાં હતાં. તમે મને ખુશ કરવા માટે, ઈનામની લાલચમાં એક યા બીજી રીતે કૂડાંને વિકસિત કરવામાં લાગી ગયા. તમે અન્ય બીજ, ખાતરનો પણ ઉપયોગ કર્યો અને વિકસિત અને અતિવિકસિત છોડ લઈ આવ્યા.’

કંપનીનો વહીવટ ચલાવવા માટે મને પ્રામાણિક અને ઈમાનદાર વ્યકિતની જરૂર હતી. જે હવે મને મળી ગઈ છે. જયાં માત્ર ખુશામત થાય છે ત્યાં સાચો વિકાસ શકય નથી. જયારે માત્ર સાહેબ ને ખુશ કરવા માટે કર્મચારીઓ લાગી જાય છે ત્યારે તે ખોટા માર્ગે દોરે છે. કંપનીના બોસ હોય, કોલેજના આચાર્ય હોય કે પક્ષના નેતા હોય જયારે ખુશામત અને પ્રશંસા વચ્ચેનો ભેદ નહિ સમજી શકનારા પોતાનો વિનાશ નોતરે છે. સાહેબ ને ખુશ રાખવા માટે ગમે તે પાયરીએ જવા તેઓ તૈયાર હોય છે. સાહેબ ની ખુશામત એ એકમાત્ર કામ તેમના માટે હોય છે. આજકાલ ‘સાહેબ’ને ખુશ રાખવાનો એક દોર ચાલી રહયો છે. ગમે તે થાય, ગમે તે કરો, મરો કે મારો પણ સાહેબને ખુશ રાખો. સાહેબને ખુશ કરવા સાચા-ખોટાં માર્ગ અપનાવતા હોય, ત્યાં વહેલાં-મોડાં પતન થવાનું લગભગ નિશ્ચિત હોય છે.

આજે માણસો તો ખૂબ છે પરંતુ પ્રામાણિક અને નિષ્ઠાવાન માણસોનો દુકાળ છે. પાંચે આંગળીએ પૂજયા હોય તેવા લોકોને જ વફાદાર માણસો મળી રહેતા હોય છે. વફાદારીના અભાવે સમાજ, પક્ષ અને દેશનું પતન થતું હોય છે. કોઈ યુનિવર્સિટીમાં પેપર ફુટે, કે દેશની સરહદ પર દસ્તાવેજ ગુમ થાય, કે સરકારી કચેરીમાંથી અગત્યની ફાઈલો ગુમ થાય કે પછી સભ્ય પક્ષ પલટો કરે, ત્યારે ત્યારે વફાદારી ધ્રુસકેને ધ્રુસકે રડતી હોય છે.

પ્રમાણિકતા, નિષ્ઠા અને વફાદારી વગરના માણસો અતિશિક્ષિત હોવા છતાં સમાજ અને દેશ માટે ભયંકર સાબિત થતા હોય છે.

***મિસરી***

આમ લાગે ના આગ અંદરથી
કોઈ તો છે સજાગ અંદરથી

(અશોક ચાવડા ‘બેદિલ’)

- santoshdevkar03@gmail.com
mo.9426560402

# સુરક્ષા કે ગોપનીયતા – તમને શું પસંદ છે ?





**વિચારયાત્રા**
**ડૉ. જય ઓઝા**

એડવર્ડ જોસેફ સ્નોડેન - આ નામ આપણી માટે કદાચ નવું હશે પરંતુ આખા અમેરિકાને આ ૩૪ વર્ષનો યુવાને ઉપરનીચે કરી નાખ્યું છે...

ગઈકાલે જયારે આપણે રંગેચંગે ગાંધીજયંતિ ઉજવીએ આપણી શિષ્ટાચાર પ્રક્રિયા પૂરી કરી દીધી છે, ત્યારે આ ‘સ્નોડેન’ નામના માણસને યાદ કરવાનું મન થઈ આવ્યું. ગાંધીજીએ આપણને સ્વતંત્રતા અપાવી, પરંતુ આપણે આજે પણ ખરેખર સ્વતંત્ર છીએ ખરાં! ના ના કટાક્ષયુક્ત વિધાન નથી... આપણે હમણાં જ થોડા સમય પહેલાં વાચ્યું હતું કે આધારકાર્ડના ડેટા લીક થઈ રહ્યા છે, સુપ્રીમ કોર્ટ દ્વારા સરકારની ઝાટકણી પણ કરાઈ રહી છે, નાગરિકની નીજી સ્વતંત્રતા અને ગોપનીયતાને છતી કરવાનો અથવા તો જાણી લેવાનો અધિકાર યોગ્ય તો નથી જ !

બસ આ જ વિલય, આ જ મુદ્દાને લઈને ‘સ્નોડેન’ નામના યુવાને અમેરિકન ગર્વમેન્ટ સામે બંડ પોકાર્યું. વાસ્તવમાં થોડા દિવસ પહેલા જ ઓલિવર સ્ટોન દ્વારા દિગ્દર્શિત અને જોસેફ ગોરડન લેવિટ્ટ દ્વારા અભિનિત ‘સ્નોડેન’ બાયોગ્રાફીકલ મુવી જોવાનો લાભ મળ્યો... જુલાઈ, ૨૦૧૬માં ટોરેન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં અને સપ્ટેમ્બર, ૨૦૧૬માં યુ.એસ.માં આ ફિલ્મ સિરીઝ થઈ... ૪૦ મિલિયનના બજેટમાં બનેલી આ ફિલ્મને ૩૭ મિલિયનનો માંડ વકરો થયો... અને અમેરિકન વ્યક્તિ પર બનેલી ફિલ્મને અમેરિકામાં જ ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર મળતા મળતા લોઢાના ચણા ચાવવા જેવી સ્થિતિ આવી ગઈ.

ફિલ્મ એડ્વર્ડ જોસેફ સ્નોડેન નામક યુવાનની પ્યોર બાયોપિક છે... જે ૧૯૮૩માં જન્મ્યો છે... કે જેણે નેશનલ સિક્યોરિટી એજન્સી (એન.એસ.એ.) ની ઢગલાબંધ ગોપનીય માહિતી ૨૦૧૩માં હોંગકોંગમાં પત્રકાર ઈવાન મેકઅસ્કીલની મદદથી ‘ધ ગાર્ડીયન’ અને ‘વોશિંગ્ટન પોસ્ટ’ નામક અખબારમાં સાર્વજનિક કરી દીધી.

આની પહેલી સ્નોડેન અમેરિકાની નેશનલ સિક્યોરિટી એજન્સીમાં કામ કરતો કર્મચારી હતો, અને સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ એજન્સીમાં પણ હંગામી ધોરણે કાર્ય કરી ચૂક્યો હતો...

ત્યાં કામ કરતા આ ટેકનોસેવી (ગીક) ને ઝાટકો ત્યારે લાગ્યો જયારે તેને જાણવા મળ્યું કે અમેરિકન સરકાર ટેરરીઝમના પ્રોટેકશનના અંચળા હેઠળ નાગરિકોની અંગત જિંદગીમાં ડોકીયા કરે છે... અમેરિકન સરકારનો ડોળો તેમના બેડરુમ સુધી પહોંચી ચૂક્યો છે... લેપટોપ, મોબાઈલ, જેવા ડીવાઈસ દ્વારા તેઓ આપણો અંગત બધો જ ડેટા ગમે તે સમયે કહો ને કે ૨૪ X ૭ જોઈ શકે છે... મોબાઈલના અને લેપટોપના કેમેરા દ્વારા આપણને પણ જોઈ શકે છે, ત્યાં સુધી કે અંગતમાં અંગત માહિતી પણ તેને પળવાસમાં ટ્રેસ કરી શકે છે. ‘સ્નોડેન’ને આ બાબત ખૂબ જ ગંભીર લાગી... અને નાગરિકની વ્યક્તિગત મૂળભૂત અંગત સ્વતંત્રતા છીનવાઈ કર્યો કે, સરકાર દ્વારા ચલાવાતા. આ ગોપનીય કાર્યને સાર્વજનિક કરીને લોકોને સાવધાન કરી દેવા...

પરંતુ ‘સ્નોડેન’ ખૂબ જ સારી રીતે જાણતો હતો, કે તેનું આ પગલું રાષ્ટ્રદ્રોહમાં ખપાવી દેવામાં આવશે. તેથી તેણે પરફેક્ટ પ્લાનિંગ સાથે... તે NSA અને CIA નો બધો જ ડેટા ચોરીને પહેલા તો હોંગકોંગ આવી ગયો અને પછી વિશ્વાસપાત્ર એવા બે-ત્રણ પત્રકારોને બોલાવીને આ માહિતીપુત્રી એટમબોમ્બ ફોડી દીધી... જૂન ૨૦૧૩માં આ માહિતી લીક કર્યા પછી તે હોંગકોંગ છોડીને મોસ્કો ચાલ્યો ગયો..

૧ ઓગસ્ટ ૨૦૧૩થી સ્નોડેનને રશિયાની સરકારે અસ્થાયી શરણ પ્રદાન કરી... જૂન ૨૦૧૩ થી ‘સ્નોડેન’ રશિયામાં રહે છે... ‘સ્નોડેન’ અત્યારે વિવાદનો વિષય બની ગયો છે... જયાં તેને કેટલાક લોકો ગદ્દાર માને છે તો કેટલાક નાયક અને સમયસર જાગૃતિ લાવનાર વ્હીસલ બ્લોઅર પણ માને છે... ફિલ્મ CIA ના અધિકારીનો એક સંવાદ છે કે અમેરિકન્સ ને સિક્સી નહીં સિક્યોરિટી પસંદ છે... ગોપનીયતા નહીં સુરક્ષા પસંદ છે... નાગરિકોની સુરક્ષાના અંચળા હેઠળ તેમના અંગત જીવનમાં ડોકા કરવાનો પરવાનો સરકારે દલા તરવાડીના ન્યાયે એમ ને એમ લઈ લીધો છે.

એની વે, મીડિયામાં તો યુએસએ અન વિશ્વના અન્ય દેશોમાં જનસુરક્ષા, સરકારી ગોપનીયતા અને રાષ્ટ્રીય સુરક્ષા, સૂચનાનું નીજીપણું અને આ બધી બાબતોનું બેલેન્સ - સંતુલન પર જોરદાર ચર્ચા જામી પડી છે...

આ આખો વિષય પેચીદો છે, આપને વાંચીને પણ અટપણું લાગ્યું હશે. મને પણ ફિલ્મ જોતી વખતે સબ ટાઈટલ અને બે-ત્રણ વાર આ વિષયને આ ફિલ્મને પહેલાં જોઈ નાખનાર મિત્રની જાણકારી ઉપરાંત ઈન્ટરનેટ પરથી માહિતી લઈને બને તેટલી સરળ ભાષામાં લખવાને ગમે છે... વાસ્તવદર્શી ફિલ્મોથી આપણે દૂર જ રહીને છીએ...

‘ગોપનીયતા’ આ વિષયથી આપણે અને આપણે દેશ તો જોજનો દૂર છે... આપણને તો ખબર જ નથી કે આપણા ઘરમાં કેટલા કેટલા બાકારોમાંથી કોણ કોણ ડોકીયા કરી રહ્યું છે...

સિમ્પલ એકઝામ્પલ... પ્લેસ્ટોરમાંથી કોઈ પણ એપ ડાઉનલોડ કરતા સમયે... જોયા જાણ્યા વગર પરમિશન ના સવાલો પૂછાતા હોય ત્યારે આપણે ઝટ ડાઉનલોટના અભરખામાં આપણા ફોન કોન્ટેક્ટ આપણું લોકેશન બધું જ સાર્વજનિક કરી દેતા હોઈએ છીએ...

મેઈલમાં કોઈ ‘માલવેર’ થ્રેટ આવે તો જાણ્યા કર્યા વગર આપણી આખી કમ્પ્યુટર સિસ્ટમના ફરવાનો પરવાનો વાયરસને આપી દઈએ છીએ...

વ્યક્તિગત રીતે આપણે આપણા ચક્કરમાં એવા ફસાયેલા છીએ કે આ બધી બાબતોથી શિક્ષિત થવાનું આવા ભયંકર વાયરસને સમજવાનું ટાળતા રહીએ છીએ અથવા આંખ આડા કાન કરી દઈએ છીએ... રામ રહીત અને આઝમખાનના બકવાસ નિવેદનોના વિશ્લેષણથી આપણે આગળ વધુ વિચારતા નથી...

સ્નોડેન હીરો છે કે વિલન... તે વિષય મહત્ત્વનો નથી... મુદ્દો એ છે કે શું આપણે કહેવાતા સ્વતંત્રતા ભોગવતા લોકો સ્વતંત્ર છીએ ખરા !

-jayuoza@gmail.com, Mo.9898046488

# અંતરમાં કાયમ પ્રગટાવીએ પ્રામાણિકતાના દીવડા



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

‘ઓ સાહેબ, ઓ ભાઈ...’

એમ કોઈએ પાછલથી બુમો પાડી અને અભિષેકે પાછળ જોયું. એક જાણીતો ચહેરો એના નાનકડા બાળકને હાથમાં તેડીને ઊભો હતો અને બીજો હાથમાં રહેલું એક પૅકેટ તે બતાવી રહ્યો હતો. પળ - બે - પળમાં એ સાવ નજીક આવી ગયો અને બોલ્યો, ‘આ તમારું પૅકેટ તમે ટેબલ પર મુકીને ગયા હતા, પરંતુ પાછા ફરતા પરત લઈ જવાનું ભૂલી ગયા છો, એટલે હું અહીં આપને આપનું પૅકેટ આપવા આવ્યો.’ મનોમન વંદન કર્યા એ માણસને (એનું નામ પુછ્યું ન હતું, જરૂરી લાગ્યું ન હતું) અને એનામાં રહેલી પ્રમાણિકતાને.

સીધી સાદી ઘટનામાં સમાયેલી એક માણસની પ્રમાણિકતાને બિરદાવવા આપણે જે સમાજ વ્યવસ્થામાં અત્યારે જીવીએ છીએ, ચારે બાજુ જે ઘટનાઓ ઘટી રહી છે એનો વિચાર કરીએ ત્યારે આ માણસનું જીવન મૂલ્ય સમજાય એવું છે. સમાજ જીવનમાં સારું વાતાવરણ નિર્માણ કરવામાં અહીં જેનો ઉલ્લેખ છે. એવા કેટલાયે અનામી માણસો મહત્ત્વપૂર્ણ રોલ અદા કરતા હોય છે જેની કોઈ નોંધ પણ કયારેય નથી લેતું.

નવરાત્રીનું પર્વ હતું. ગામ આખ્ખું યે, કહોને ગુજરાતન આખ્ખુંયે ગરબે ઘૂમતું હતું. શક્તિનો- ભક્તિનો, ઉલ્લાખનો - ઉજાસનો માહોલ હતો વાતાવરણમાં. મહાકાલી - મહાલક્ષ્મી - સરસ્વતી સ્વરુપની આરાધના - સાધના - ધૂપ - દીપ - સેવા - પૂજા - આરતી - ને નવચંડીના પાઠે ઘર ઘરમાં થઈ રહ્યા હતા. અધિશક્તિના તીર્થ ધામોમાં ભક્તોની ભીડ હતી. ચુંદડી ચડાવવાના મનોરથ પુરા કરવાની સાથે સાથે ભક્તો પોતાની ક્ષમતા મુજબ દાન-પુણ્ય કરી રહ્યા હતા અને રોજ રાત્રે જાણે સવાર પડતી હતી. ઝાકઝમાળ રોશની, આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને પ્રતિભાવંત ગાયકોના સ્વર અથવા રેકોર્ડેડ ગરબાને સથવારે લોકો ગરબે ઘુમ્યા હતા.

વિશ્વભરમાં સૌથી લાંબા એટલે કે, સળંગ નવ દિવસના લોકનૃત્યના ઉત્સવ તરીકે વિશ્વભરમાં પોતાની ઓળખ પ્રસ્થાપિત કરનાર નવરાત્રી પર્વ આજે ગુજરાતની ઓળક બની ગયું છે. ગુજરાતનો ગરબો વૈશ્વિક બન્યો છે. આંગણ - શેરી - એક પાર્ટી - પ્લોટને સ્ટેજ સુધી પહોંચેલા ગરબાએ ગુજરાતીને ઘેલું લગાડ્યું છે. પ્રાચીન - અર્વાચીન ગરબા હોય કે વિવિધ પ્રકારના રાસ... ગુજરાતી ઢોલના ધબકારે રાસ - ગરબા રમવાનું શરુ કરે એટલે જાણે આખુંયે બ્રહ્માંડે ડોલતું હોય એવું લાગે.

ગરબાનું આવું જ મનોરમ્ય વાતાવરણ છેલ્લા કેટલાક વર્ષોમાં પરંપરા બની ગયું છે ગુજરાત ટુરિઝમ અને ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નવરાત્રી ફેસ્ટિવલ સોસાયટી આયોજિત નવરાત્રી મહોત્સવમાં, ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલની બાજુના મેદાનમાં વિશાળ રંગમંચ પરથી કલાકારો ગરબા પ્રસ્તુત કરે ત્યારે સામ સાંભળનારા અને રમનારાની કુલ સંખ્યા ૫૦-૬૦ હજારથી વધુની હોય !!! આટલા મોટા આયોજનમાં સ્વાભાવિક રીતે વ્યવસ્થાઓ પણ એટલી જ મોટી હોય - એમાંની એક વ્યવસ્થા એટલે વિવિધ સ્થળોએ મુકાયેલ સામુહિક શૌચાલયોની વ્યવસ્થા આવા જ શૌચાલયની વ્યવસ્થા સ્ટેજની પાછળના ભાગમાં પણ હતી. એની સફાઈ સંભાળનાર પરિવારમાં પતિ-પત્ની અને એના સાવ નાની વયના બે બાળકોને રોજ જોવાનું થતું. મોટા ભાગે ત્યાં જ આસપાસની વ્યવસ્થામાં દિવસોમાં એમનું સમગ્ર જીવન પસાર થયું હતું. નવરાત્રીના વચ્ચેના દિવસે આ પરિવાર માટે થોડો નાસ્તો અને થોડું ભોજન એક પૅકેટમાં એક કરીને લઈ જવાનું થયું... વોશરૂપમાં પ્રવેશતા પહેલા એના ટેબલ આગળ આ પૅકેટ મુક્યું હતું અને કહ્યું હતું કે, ‘આ તમારા માટે છે.’ બહાર નીકળીને એ પૅકેટ લીધું નહિ તો એણે સાદ પાડીને પેકેટ પાછું આલું... ફરી એને કહ્યું કે, ‘ભાઈ, આ તારા માટે જ છે’ ત્યારે એણે પ્રેમભાવે સ્વીકાર્યું.



પ્રમાણિકતા વિશેની વાર્તાઓ લખાય અને એ જીવાય એ બેમાં બહુ મોટો ફૅર છે. એમાં પણ સાવ સામાન્ય - ગરીબ - શ્રમિક માણસ જયારે પોતાની પ્રમાણિકતા દાખવે, એવા સમયે જયારે આસપાસ ચકાચૌંધ રોશની હોય, પૈસાના બળ પર થતી ઉજાણી નજર સામે હોય ત્યારે એ પોતાના માટે જ આવેલી વસ્તુ પોતાની નથી એવું માની પરત કરવા આવે એ ઘટના જ એ માણસને વંદન કરવા પ્રેરે એવી છે. આવી ઘટનાઓ જયારે જયારે સમાજજીવનમાં ઘટિત થાય ત્યારે એને વધાવીએ - એ વધુ ને વધુ લોકો સુધી પહોંચે એ દિશામાં કાર્ય કરીએ ત્યારે આપણી અંદર આનંદના ગમતાનો ગુલાલ કર્યાના આસમાની રંગો ઊડ્યાના - દીવડા પ્રગટ્યાની અનુભૂતિ થાય છે ને અજવાળા રેલાય છે.

●●●

Honesty it the best chapter in the book of wisdom.

**વિસરાતી વાનગી**



## ગુંદર પાક

**સામગ્રી**

ગુંદર - ૨૫૦ ગ્રામ, ઘઉંનો લોટ - ૧૫૦ ગ્રામ, અસળચો - ૧ ચમચી, ઘી - ૫૦૦ ગ્રામ (જરૂર મુજબ), ગોળ - ૨૫૦ ગ્રામ, ગંઠોડા - ૨ ચમચી, ડ્રાયફ્રુટ - જરુર મુજબ, સૂંઠ - ૧ ચમચી, સોવા - ૧ ચમચી

**બનાવવાની રીત :**

- બધાથી પહેલા એક કડાઈમાં ઘઉંનો લોટ લઈ તેમાં ઘી નાખી શેકી નાખવો.
- લોટ બરાબર શેકાઈ જાય એટલે ગેસ બંધ કરી નાખવો.
- ગુંદર બંધ કર્યા પછી તેમા ગુંદર નાખવો. અને ગુંદર ફૂટે ત્યાં સુંધી હલાવવું.
- ગુંદર ફુટી જાય એટલે તેમાં તરત જ સૂંઠ, અસળીયો, સોવા અને ગંઠોડા પીસેલા નાખવા.
- તેના પછી તરત જ ગોળ નાખવો. અને ગોળ નાખી બરાબર હલાવવું.
- તેના પછી ડ્રાયફ્રુટ નાખવા (કાજુ, બદામ)
- પછી તમારો સુંદર પાક તૈયાર થઈ જાય એટલે તેને ગરમાગરમ સર્વ કરવો.

(નોંધ : ઉપવાસમાં ઘઉંની જગ્યા પર રાજગરાનો લોટ નાખી બનાવાય.)